**નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ (NDPS) એક્ટ હેઠળ ગુનો નોંધાયો**

# છોટાઉદેપુર SOGની કાર્યવાહી 62.39લાખના ગાંજાના છોડ ઝડપ્યા

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.4

ગુજરાતમાં નશીલા પદાર્થોના દુષણને જડમૂળથી નાબૂદ કરવા પોલીસ વિભાગે કડક વલણ અપનાવ્યું છે. યુવાધનમાં નશાનો વધતો પ્રવાહ અટકાવવા માટે સતત કાર્યવાહી કરવામાં આવી રહી છે. તે અંતર્ગત છોટાઉદેપુર એસ.ઓ.જી. ગ્રુપે મોટી સફળતા હાંસલ કરી છે.

છોટાઉદેપુર જિલ્લાના કવાંટ તાલુકાના સીંગલદા ગામે એસ.ઓ.જી. પોલીસને મળેલી ચોક્કસ બાતમીના આધારે રેઈડ કરવામાં આવી હતી. આ રેઈડ દરમિયાન સીંગલદા ગામે રહેતા ભગુભાઈ બુઠીયાભાઈ રાઠવાના કબ્જાભોગવટાના ખેતરમાં બિનઅધિકૃત રીતે ઉગાડવામાં



આવેલા વનસ્પતિજન્ય માદક પદાર્થના લીલા ગાંજાના છોડ મળી આવ્યા હતા.

પોલીસે ખેતરમાંથી કુલ 151 લીલા ગાંજાના છોડ જપ્ત કર્યા હતા, જેનું કુલ વજન 124.790 કિલોગ્રામ થતું હોવાનું સામે આવ્યું છે. જપ્ત કરાયેલા ગાંજાના છોડની બજાર કિંમત અંદાજે રૂ. 62,39,500/- આંકવામાં આવી છે.

આ સમગ્ર મુદ્દામાલ કબજે કરી પકડાયેલા આરોપી વિરુદ્ધ નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ (NDPS) એક્ટ હેઠળ ગુનો નોંધીને વધુ તપાસ માટે મામલો કવાંટ પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો છે.

છોટાઉદેપુર એસ.ઓ.જી. ની આ કાર્યવાહીથી વિસ્તારમાં નશીલા પદાર્થોના ગેરકાયદેસર ઉત્પાદન અને હેરાફેરી કરનાર તત્વોમાં ફફડાટ ફેલાયો છે. પોલીસ તંત્ર દ્વારા આગામી સમયમાં પણ આવી કડક કાર્યવાહી ચાલુ રાખવાની તૈયારી દર્શાવવામાં આવી છે.

## મધાસર ચોકડી પાસે બાઈકચાલકનું યુવક ઘટનાસ્થળે મોત

(પ્રતિનિધિ) કાલોલ, તા.4

કાલોલ હાલોલ હાઈવે ઉપર મધાસર ચોકડી પાસેથી સુજલભાઈ ગણપતભાઈ સિક્લીગર ઉ. વ. ૧૭ નાવરિયા રોડ ઉપર થી પોતાના ઘરે મોટરસાયકલ લઈને જતો હતો ત્યારે ચોકડી પસાર કરતા સમયે કન્ટેનર નંબર એન એલ ૦૧ એબી ૪૬૬૨ ના ચાલકે પોતાનું વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી સુજલ ઉપર ચડાવી દેતા સ્થળ ઉપર જ મોત નિપજ્યું હતુ.કન્ટેનર ચાલક અકસ્માત બાદ ઘટના સ્થળે થી નાસી ગયો હતો લોકોના ટોળેટોળા ઘટના સ્થળે પહોંચી ગયા હતા કાલોલ પોલીસ પણ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને મૃતકની લાશ પીએમ માટે કાલોલ રેફરલ હોસ્પિટલ ખાતે મોકલી આપી મૃતક યુવાન ના મોત અંગે તેઓના મામા સુભાષભાઈ સિક્લીગર ની ફરિયાદ નોંધી કન્ટેનર ચાલક વિરુદ્ધ આગળની તપાસ શરૂ કરી છે.

## સાવલી ગોઠડા પોલીસ પાસે પોલીસ દ્વારા સેફ્ટી ગાર્ડનું વિતરણ



સાવલી પોલીસ મથક દ્વારા આગામી ઉત્તરાયણ પર્વ નિમિત્તે ગોઠડા ચોકડી પાસે પસાર થતાં વાહનચાલકોને દોરીથી થતા અકસ્માતોથી બચવા માટે સેફ્ટી ગાર્ડનું વિતરણ કરવામાં આવ્યું હતું અને ટ્રાફિક અને સલામતી ની જનજાગૃતિ ફેલાવી હતી. આગામી ઉત્તરાયણ પર્વની ઉજવણી દરમિયાન દોરીથી ઈજા થવાના બનાવો વારંવાર બને છે અને તેના પગલે કેટલાય નિર્દોષ રાહદારીઓ ને જીવ ગુમાવવાનો વારો આવે છે જેના પગલે સાવલી પોલીસ દ્વારા "પોલીસ પ્રજાનો મિત્ર છે" તે ઉક્તિ ખરા અર્થમાં સાર્થક કરતી કાર્યવાહી કરાઇ હતી. ખાસ કરીને બાઇકચાલકોની સલામતીને ધ્યાનમાં રાખી વાહનો પર સેફ્ટી ગાર્ડ લગાવવાની કામગીરી કરાઇ હતી.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

## ગતિવિધિ

### દાહોદ સબ જેલ ખાતે સલાહકાર બોર્ડની મીટીંગનું આયોજન કરાયું



**દાહોદ ।** દાહોદ સબ જેલ ખાતે જેલ મુલાકાતી બોર્ડ, જેલની કોરકમીટી તથા જેલ સલાહકાર બોર્ડની મીટીંગનું આયોજન ચેરમેન અને જિલ્લા કલેકટરના અધ્યક્ષપણા હેઠળ કરવામાં આવી હતી. જેમાં જિલ્લા કલેકટર નિરગુડે , જિલ્લા પોલીસ અધિક્ષક જાડેજા સાહેબ, પ્રિન્સીપાલ સેશન્સ જજ, પ્રતિનિધી અને જિલ્લા કાનુની સેવાસત્તામંડળના સેક્રેટરી પ્રજાપતી, જિલ્લા પંચાયત,દાહોદના પ્રમુખ કરણસિંહ ડામોર તથા અન્ય સરકારી, બીનસરકારી સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. સબ જેલના અધિક્ષક એમ.એલ.ગમારાનાઓ દ્વારા જેલમાં રાખવામાં આવેલ કાચા-પાકા કેદીઓની વિગતો, ગુનાની વિગતો, કેદીઓને મળતી સવલતો, મહિલા કેદીઓ વિગેરેની માહિતી રજુ કરી હતી.

### છોટાઉદેપુરમાં મેરેથોન પૂર્વે જિલ્લા કલેક્ટર આગેવાનીમાં માર્ગ સ્વચ્છતા ઝુંબેશ યોજાઇ



**છોટાઉદેપુર ।** છોટાઉદેપુર જિલ્લા કલેક્ટર ગાર્ગી જૈને આગામી તા. ૬ ફેબ્રુઆરી, ૨૦૨૬ ના યોજાનારા "છોટાઉદેપુર મેરેથોન ૨૦૨૬" આયોજન પૂર્વે નાગરિકોમાં મેરેથોનમાં ઉત્સાહભેર ભાગીદારી વધારવા તેમજ સ્વચ્છતા પ્રત્યે હકારાત્મક અભિગમ કેળવવાના ઉમદા આશય સાથે રવિવારે "માર્ગ સ્વચ્છતા ઝુંબેશ"માં જોડાયા હતા. આ તકે કલેક્ટર ગાર્ગી જૈને છોટાઉદેપુર મેરેથોનમાં વધુમાં વધુ યુવાનો, રમતપ્રેમીઓ તેમજ નાગરિકો ઉત્સાહભેર ભાગીદારી નોંધાવવા અનુરોધ કરતા જણાવ્યું કે, કાર્યક્રમને અનુલક્ષીને સ્વચ્છતા ડ્રાઈવનું આયોજન કરાયુ છે. જેનો એક માત્ર આશય રસ્તાઓની સફાઈ સાથે લોકોમાં સ્વચ્છતા પ્રત્યેનો અભિગમ વિકસાવવાનો છે. આ સ્વચ્છતા ડ્રાઈવમાં બોડેલી પ્રાંત અધિકારી ભૂમિકા રાઉલ, ચીફ ઓફિસર સહિત જિલ્લા-તાલુકાના અધિકારીઓ, કર્મચારીઓ , સ્વચ્છતાગ્રહીઓ જોડાયા હતા.

# ગરબાડા નગરના આઝાદ ચોક વિસ્તારમાં મકાનમાં ભીષણ આગ

**ઘરવખરી બળીને ખાખ,** હોસ્પિટલ નજીક આગથી અફરાતફરી

(પ્રતિનિધિ) ગરબાડા, તા.4

ગરબાડા નગરના આઝાદ ચોક વિસ્તારમાં છત્રછાયા હોસ્પિટલની બાજુમાં આવેલા એક મકાનમાં અચાનક ભીષણ આગ લાગવાની ગંભીર ઘટના સર્જાઈ હતી. આગ લાગતા સમગ્ર વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાની નોંધાઈ નથી, પરંતુ મકાનમાં રહેલો તમામ ઘરવખરીનો સામાન બળીને ખાખ થઈ ગયો હોવાનું જાણવા મળ્યું છે.

પ્રાપ્ત માહિતી મુજબ મકાનના સભ્યો ઘર બંધ કરી મંદિર દર્શન



માટે ગયા હતા. તે દરમિયાન કોઈ અજાણ્યા કારણોસર મકાનમાં આગ ભભૂકી ઉઠી હતી. આગની જ્વાળાઓ અને ધુમાડો જોઈ આસપાસના સ્થાનિકો દોડી આવ્યા હતા અને પોતાના સ્તરે આગ બુઝાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ આગ વધુ વિકરાળ બનતા તેમના પ્રયાસો નિષ્ફળ રહ્યા હતા.

ઘટનાની જાણ થતાં જ ગરબાડા પોલીસ મથકના પી.આઈ. પોલીસ સ્ટાફ સાથે તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયા હતા અને ફાયર વિભાગને જાણ કરવામાં આવી હતી. ફાયર બ્રિગેડના કર્મચારીઓએ ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો.

આગની તીવ્રતા એટલી હતી કે બાજુમાં આવેલી છત્રછાયા હોસ્પિટલના દર્દીઓ અને સ્ટાફને સલામતીના કારણોસર બહાર ખસેડવા પડ્યા હતા. આગથી હોસ્પિટલને સીધું નુકસાન થયું નથી, પરંતુ સલામતીના પગલે તાત્કાલિક પગલાં લેવામાં આવ્યા હતા.

આ ઘટનામાં મકાનને ભારે આર્થિક નુકસાન થયું હોવાનું પ્રાથમિક રીતે સામે આવ્યું છે.

**ટ્રેલર ચાલકની બેદરકારીના કારણે અકસ્માત સર્જાયો**

# દેલોલ શાહી સતલુજ ધાબા નજીક હાઇવે પર ટ્રેલર-બાઇક અકસ્માત

**ચાઈનીઝ લારી** સંચાલકને માથામાં ગંભીર ઇજા

(પ્રતિનિધિ) કાલોલ, તા.4

કાલોલ તાલુકાના દેલોલ ગામ નજીક શાહી સતલુજ ધાબા પાસે હાઈવે પર ટ્રેલર ચાલકની બેદરકારીના કારણે મોટરસાયકલ અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં કાલોલ ફૂડ ઝોનમાં ચાઈનીઝ લારી ચલાવતા દીપકભાઈ પ્રતાપભાઈ રાજપુતને માથા સહિત શરીરના વિવિધ ભાગોમાં ગંભીર ઈજાઓ પહોંચતા લાંબી સારવારનો સામનો કરવો પડ્યો છે.

ફરિયાદ મુજબ, ગત 7 નવેમ્બરનાં રોજ રાત્રિના સમયે દીપકભાઈ કાલોલથી ગોધરા તરફ મોટરસાયકલ પર જઈ રહ્યા હતા. તે દરમિયાન શાહી સતલુજ ધાબા નજીક હાઈવે પર પાછળથી આવતાં ટ્રેલર નંબર RJ-09-GB-6620 ના ચાલકે પોતાનું વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી મોટરસાયકલને પાછળથી ટક્કર મારી હતી. ટક્કરના કારણે દીપકભાઈ રોડ પર ફેંકાઈ ગયા હતા અને તેમને માથા, ડાબા હાથ તથા ડાબા પગે ગંભીર ઈજાઓ પહોંચી હતી.

અકસ્માત બાદ 108 એમ્બ્યુલન્સ મારફતે તેમને ગોધરા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં પ્રાથમિક સારવાર બાદ હાલત ગંભીર હોવાને કારણે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા હતા. અમદાવાદમાં બ્રેન હેમરેજનું ઓપરેશન કરવામાં આવ્યું હતું અને ત્યારબાદ વધુ સારવાર માટે અન્ય ખાનગી હોસ્પિટલમાં ફરી ઓપરેશન કરવું પડ્યું હતું.

આ સમગ્ર મામલે ઈજાગ્રસ્તના પુત્રી રીમાબેન દીપકભાઈ રાજપુતે કાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ટ્રેલર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. હાઈવે પર ભારે વાહનોની બેફામ ગતિ અને બેદરકારીને કારણે આવા અકસ્માતો વધી રહ્યા હોવાની ચિંતા સ્થાનિકોમાં વ્યાપી છે.

# દેલોલ સીમમાંથી જુગાર રમતા સાત ઈસમોને ઝડપી પાડ્યા

**રૂ.11,680નો** મુદ્દામાલ જપ્ત કરાયો

(પ્રતિનિધિ) કાલોલ, તા.4

કાલોલ પોલીસ સ્ટેશનના પીઆઈ આર.ડી. ભરવાડ પોલીસ સ્ટાફ સાથે પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન મળેલી બાતમીના આધારે દેલોલ ગામની સીમમાં આવેલ ગધેડી વાળી નહેર પાસે ખુલ્લી જગ્યામાં જુગાર રમાતો હોવાની માહિતી મળી હતી. બાતમીની ખરાઈ કરવા પોલીસે તાત્કાલિક રેડ કરી હતી.

પોલીસ સ્થળ પર પહોંચતા કેટલાક ઈસમો ગોળ કુંડાળું બનાવી પાના-પત્તાની હારજીતનો જુગાર રમતા નજરે પડ્યા હતા. પોલીસને જોઈ જુગાર રમતા ઈસમોમાં નાસભાગ મચી ગઈ હતી, જોકે પોલીસે ઝડપી કાર્યવાહી કરી કોર્ડન બનાવી કુલ 7 ઈસમોને ઝડપી પાડ્યા હતા.

પોલીસે આરોપીઓની અંગજડતી અને સ્થળ તપાસ દરમિયાન જુગારની રોકડ રકમ રૂ.6,060, દાવ પરની રોકડ રૂ.5,620 એમ કુલ રૂ.11,680 તથા પાના-પત્તાની એક કીટ કબજે કરી હતી.

જેમાં વિક્રમ ઉર્ફે ઈલુ વિઠલભાઈ રાઠોડ, હિતેશકુમાર ઉર્ફે ગોટી ભીમસિંહ રાઠોડ, રોહિતકુમાર ઉર્ફે ગટી છત્રસિંહ રાઠોડ, પ્રવીણભાઈ પ્રતાપભાઈ રાઠોડ, સુરેશભાઈ રમણભાઈ રાઠોડ, શનાભાઈ ઝેણાભાઈ રાઠોડ, અનિલકુમાર ઉર્ફે અન્યો ફતેસિંહ રાઠોડનો સમાવેશ થાય છે. કાલોલ પોલીસે તમામ આરોપીઓ સામે જુગારધારા કલમ-12 હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ખુલ્લી જગ્યામાં ગેરકાયદેસર જુગાર પ્રવૃત્તિઓ પર કડક કાર્યવાહી ચાલુ રહેશે તેવી પોલીસ દ્વારા ચેતવણી આપવામાં આવી છે.

# હાલોલના MLA ની ભાજપ પ્રદેશ ઉપપ્રમુખ તરીકે નિયુક્તિ થતાં સન્માન

(પ્રતિનિધિ) હાલોલ, તા.4

ગુજરાત પ્રદેશ ભાજપ સંગઠનના ઉપપ્રમુખ તરીકે હાલોલના ધારાસભ્ય અને પૂર્વ મંત્રી જયદ્રથસિંહ પરમારની નિયુક્તિ કરવામાં આવતા પંચમહાલ જિલ્લા ભાજપ સંગઠન દ્વારા ગોધરા ખાતે જિલ્લા ભાજપ કાર્યાલય શ્રી કમલમમાં સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ગુજરાત પ્રદેશ ભાજપ પ્રમુખ જયદ્રથસિંહ પરમાર, છોટાઉદેપુર લોકસભાના પૂર્વ સાંસદ અને ભાજપ પ્રદેશ ઉપપ્રમુખ ગીતાબેન રાઠવા, પંચમહાલ જિલ્લા ભાજપ પ્રમુખ મયંક દેસાઈ, રાજ્યસભા સાંસદ ડો. જશવંતસિંહ પરમાર, પંચમહાલ



લોકસભા સાંસદ રાજપાલસિંહ જાદવ સહિત જિલ્લાના સ્થાનિક ધારાસભ્યો, આગેવાનો અને મોટી સંખ્યામાં ભાજપ કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. સમારોહ દરમિયાન ઉપસ્થિત કાર્યકરો દ્વારા પ્રદેશ સંગઠનના નવ નિયુક્ત ઉપપ્રમુખ જયદ્રથસિંહ પરમારનું પરંપરાગત રીતે સન્માન અને અભિવાદન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તેમણે કાર્યકરોને સંબોધતા જણાવ્યું હતું કે આવનારી જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાની ચૂંટણીઓમાં પંચમહાલ જિલ્લામાં ભાજપને મજબૂત બહુમતી અપાવવા માટે તમામ કાર્યકરો એકજુટ થઈને મેદાનમાં ઊતરશે તે જરૂરી છે.

ઉલ્લેખનીય છે કે હાલોલના ધારાસભ્ય જયદ્રથસિંહ પરમાર તેમજ છોટાઉદેપુરના પૂર્વ સાંસદ ગીતાબેન રાઠવાની ભાજપ પ્રદેશ સંગઠનમાં ઉપપ્રમુખ તરીકે વરણી થતા બંને નેતાઓએ પ્રદેશ તેમજ કેન્દ્રના ભાજપ સંગઠનના નેતાઓનો આભાર વ્યક્ત કર્યો હતો અને સંગઠનની જવાબદારીને પૂર્ણ નિષ્ઠા સાથે નિભાવવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

## હાલોલના બાસ્કા નજીક યુવકને વાહન ચાલકે અડફેટે લેતા મોત

(પ્રતિનિધિ) હાલોલ, તા.4

હાલોલ તાલુકાના બાસ્કા નજીક રવિવારે એક ભયંકર માર્ગ અકસ્માત સર્જાયો હતો. મોપેડ સ્કૂટર પર જઈ રહેલા યુવકને અજાણ્યા વાહન ચાલકે અડફેટે લેતા ગંભીર અકસ્માત થયો હતો, જેમાં યુવકનું ઘટનાસ્થળે જ કમકમાટી ભર્યું મોત નીપજ્યું હોવાનું જાણવા મળ્યું છે.અકસ્માત સર્જાતા જ ઘટનાસ્થળે લોકટોળા ઉમટી પડ્યા હતા. ઘટનાની જાણ થતાં હાલોલ પોલીસ તાત્કાલિક સ્થળે પહોંચી હતી અને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. મૃતક યુવકની ઓળખ બિહાર રાજ્યના ગયા જિલ્લા ના બારાચટી ગામના 25 વર્ષની ઉંમર ના રંજનકુમાર અર્જુનપ્રસાદ કુશવાહા તરીકે થઈ છે. પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

**ગ્રામ્ય વિસ્તારોના ખેડૂતોને રવિ પાક માટે પૂરતું સિંચાઈનું પાણી મળતું નથી**

# સુખસર તાલુકાના લખણપુર-જાંબાસર તળાવમાં બંધ ઇરીગેશન યોજના શરૂ કરવા માંગણી

(પ્રતિનિધિ) સુખસર, તા.3

દાહોદ જિલ્લાના ફતેપુરા તથા સુખસર તાલુકામાં અનેક તળાવો આવેલા છે. આ તળાવોમાં વર્ષ દરમિયાન સારો પાણી સંગ્રહ થતો હોવા છતાં આસપાસના ગ્રામ્ય વિસ્તારોના ખેડૂતોને રવિ પાક માટે પૂરતું સિંચાઈનું પાણી મળતું નથી. સ્થાનિક જવાબદારો તેમજ સંબંધિત તંત્ર દ્વારા યોગ્ય ધ્યાન ન અપાતા ખેડૂતો ઈરીગેશનના પાણી માટે વલખા મારી રહ્યા છે. ખેડૂત સંગઠનોનું માનવું છે કે સ્થાનિક ગરીબ ખેડૂતોને સિંચાઈની સુવિધા ઉપલબ્ધ કરાવવા તાત્કાલિક પગલાં લેવાં જરૂરી છે.

સુખસર તાલુકામાં ત્રણ જેટલા સિંચાઈ તળાવો આવેલા છે, પરંતુ આ તળાવો પરથી



નહેર દ્વારા ગામડાઓ સુધી પાણી પહોંચાડવાની જે વ્યવસ્થા કરવામાં આવી હતી, તે આજે બિસ્માર હાલતમાં જોવા મળે છે. લખણપુરના જાંબાસર ખાતે આવેલું મોટું તળાવ વર્ષ દરમિયાન પૂરતો પાણી સ્ટોક ધરાવે છે. વર્ષ 2001માં જાંબાસર અને લખણપુર ગામના ખેડૂતોને સિંચાઈ માટે પાણી આપવા ઈરીગેશન યોજના શરૂ કરવામાં આવી હતી. શરૂઆતમાં ખેડૂતોને તેનો લાભ મળ્યો હતો, પરંતુ છેલ્લા આઠ વર્ષથી લખણપુરના ખેડૂતોને પાણી મળતું બંધ થતાં આ ઈરીગેશન યોજના મૃતપ્રાય બની ગઈ છે. જો તૂટી ગયેલી ઈરીગેશન લાઈનનું સમારકામ કરવામાં આવે અને નવી પાઈપલાઈન નાખવામાં આવે, તો લખણપુર અને જાંબાસર ઉપરાંત હડમત અને કાળીયા ગામને પણ સિંચાઈ માટે લાભ મળી શકે તેમ છે. જાંબાસર તળાવમાં પૂરતું પાણી હોવા છતાં તંત્રની બેદરકારીના કારણે ખેડૂતો મુશ્કેલી ભોગવી રહ્યા છે.

# દાહોદ શહેર અને જિલ્લામાં કડકડતી ઠંડીની તીવ્ર લહેર

(પ્રતિનિધિ) દાહોદ, તા.4

દાહોદ શહેર અને સમગ્ર જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી ઠંડીનું પ્રમાણ સતત વધતું જઈ રહ્યું છે. આજે વહેલી સવારે દાહોદમાં લઘુત્તમ તાપમાન 13.2 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જેના કારણે વહેલી સવારથી જ શહેરીજનો કડકડતી ઠંડીમાં ઠૂંઠવાતા જોવા મળ્યા હતા.

સવારના સમયે દાહોદના હાઈવે તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં ગાઢ ધુમ્મસ છવાયેલું હતું. ધુમ્મસના કારણે દૃશ્યતા ઘટતા વાહન ચાલકોને હેડલાઇટ ચાલુ રાખી ધીમી ગતિએ વાહન ચલાવવાની ફરજ પડી હતી, જેના કારણે માર્ગ પર સતર્કતા રાખવાની સ્થિતિ ઊભી થઈ હતી. હાલ દાહોદ રાજ્યના



સૌથી ઠંડા શહેરોની યાદીમાં મોખરે જોવા મળી રહ્યો છે. પર્વતીય વિસ્તારોની નજીકતા અને પૂર્વ પટ્ટીમાં આવેલું હોવાને કારણે અહીં પવનની ગતિ વધુ રહેતી હોવાથી ઠંડીની અસર અન્ય વિસ્તારોની સરખામણીએ વધુ અનુભવાઈ રહી છે. કડકડતી ઠંડીના કારણે સવારના સમયે બજારો મોડી ખુલી રહ્યા છે, તો બીજી તરફ લોકો ઠંડીથી બચવા માટે ઠેર-ઠેર તાપણાં સળગાવી ગરમી લેતા નજરે પડ્યા હતા. વૃદ્ધો, બાળકો અને મજૂર વર્ગ પર ઠંડીની સૌથી વધુ અસર જોવા મળી રહી છે.

# દાહોદના એમ જી રોડના નવિનીકરણથી વર્ષો જૂની સમસ્યાનો નિકાલ હાથવેંતમાં

**નગરપાલિકા** દ્વારા 8 કરોડના ખર્ચે બનનાર આરસીસી રોડને લઇને રહીશોમાં આનંદની લાગણી

(પ્રતિનિધિ) દાહોદ, તા.4

દાહોદ નગરપાલિકા પરિવારના ડ્રીમ પ્રોજેક્ટ એવા દાહોદના એમ જી રોડ પર નગરપાલિકા શાક માર્કેટથી દેસાઈ વાડ ચોક સુધી ઝીરો લેવલથી આરસીસી રોડ બનાવવાની પ્રક્રિયાનો આરંભ થઈ જતા આ રોડ પર આવેલા મકાનો તેમજ દુકાનોના દબાણમાં આવતા ઓટલા તોડી પાડવામાં આવનાર હોવાથી રસ્તો પહોળો બનશે જેથી વર્ષોથી કનડતી



ટ્રાફિક સમસ્યાનો મહદંશે નિકાલ આવશે તે ચોક્કસ છે. આ એમજી રોડ વર્ષો પહેલા ખૂબ જ પહોળો હતો. પરંતુ બદલાતા સમયની સાથે સાથે મકાનો તથા દુકાનોના ઓટલા રોડ પર આવી જતા એમજી રોડ સાંકડો થતો ગયો. અને દિવસે દિવસે ટ્રાફિક સમસ્યા વધુને વધુ જટિલ બનતી ગઈ. આ રોડ પર કાયમ ડામર રોડ જ બનાવવામાં આવતો હતો. જે તકલાદીપણા કે અન્ય કારણોસર અવાર નવાર તૂટી જતા લોકોને પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. આ રોડ પર ભારે વાહનોની અવરજવર ન હોવાની બાબતને ધ્યાને લઈ આ વખતે આરસીસી રોડ બનાવવાનું નક્કી કરવામાં આવ્યું હતું. જેને સરકાર ની મંજૂરી મળી જતા હવે તે રોડ બનાવવાનું કામ શરૂ થઈ ચૂક્યું છે.